## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ગમે તેટલી મોંઘી હોય પણ પાણીપુરી ખાઈ લેવાની... અહી ગમે ત્યારે માથે હેલિકોપ્ટર પડે... એકાઉન્ટ હેક થઈ જાય... કોઈ ભરોસો નથી...!!

# શાળાઓમાં ૧૦૦ કલાક સમયદાન શૈક્ષણિક યજ્ઞનું વિશેષ આયોજન

ગાંધીનગર, તા.૧૨

શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું છે કે, કોરોના કાળમાં બાળકોના અભ્યાસ ઉપર થયેલી અસર નિવારવા માટે વિદ્યાર્થીઓના હિતમાં રાજ્યભરની શાળાઓમાં ૧૦૦ કલાક "સમયદાન" શૈક્ષણિક યજ્ઞનું વિશેષ આયોજન કરવાનો રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. શિક્ષણમંત્રીએ ઉમેર્યું કે, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યના વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં આ મહત્વનો નિર્ણય કરાયો છે. કોરોના સમયના લર્નીંગ લોસ ઘટાડવા માટે પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક વિભાગના ઉપક્રમે શાળાઓમાં ૧૦૦ કલાક "સમયદાન" શૈક્ષણિક યજ્ઞનું આયોજન કરાયું છે.

કોવિડ-૧૯ની પરિસ્થિતિને લીધે લાંબા સમય સુધી શાળાઓ બંધ રહી તેથી બાળકોના અભ્યાસ ઉપર થયેલી અસર નિવારવા માટે રાજ્યનો શિક્ષણ વિભાગ સંકલ્પબદ્ધ છે. શિક્ષણમંત્રી જીતુ વાઘાણી અને શિક્ષણ રાજ્યમંત્રી કિર્તિસિંહ વાઘેલા અને પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણના સચિવ દ્વારા રાજ્યના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક તમામ સ્તરના શિક્ષક સંઘો સાથે બેઠક કરી સર્વાનુમતે ૧૦૦ કલાક સ્વૈચ્છિક સમયદાન આપવાનો સંકલ્પ કરાયો છે.

આ શૈક્ષણિક યજ્ઞ અંતર્ગત રાજ્યના બે લાખથી વધુ શિક્ષકો શાળા સમય ઉપરાંત વધારાનુ શિક્ષણ કાર્ય કરી ૧૦૦ કલાક સમયદાન આપશે. આ સમયદાન યજ્ઞ ડિસેમ્બર-૨૦૨૧ થી ૧૫ એપ્રીલ-૨૦૨૨ સુધી આયોજન કરાશે. શાળાઓ પોતાની રીતે આયોજન કરી શાળા સમય પહેલા અથવા શાળા સમય બાદ સ્થાનિક પરિસ્થિતિ અને જરૂરીયાત મુજબ વધારાના શિક્ષણ કાર્યનું સ્વૈચ્છિક રીતે આયોજન કરશે. આ માટે શાળાઓ ઈચ્છે તો રવિવાર અને અન્ય જાહેર રજાના દિવસે અનુકુળતા મુજબ શિક્ષણ કાર્ય કરી શકશે. ધોરણ ૧ થી ૫માં વાંચન, ગણન અને લેખનને કેંદ્રમાં રાખી શિક્ષણ કાર્ય કરવામાં આવશે. ધોરણ ૬ થી ૮માં કઠિન બિંદુઓની તારવણી કરી તે મુજબ શિક્ષણ કાર્ય કરવામાં આવશે. ધોરણ ૯ થી ૧૨માં વિષયના ભારણ પ્રમાણે તેમજ લિંકિંગ ચેપ્ટર મુજબ વિશેષ શિક્ષણ કાર્ય હાથ ધરાશે. ધોરણ ૧૦ અને ૧૨ની જાહેર પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને કચાશ રહી ગયેલા પ્રકરણો અને મુદ્દાઓની તારવણી કરી વિશેષ માર્ગદર્શન આપવામાં આવશે. સમયદાનની આ કામગીરીમાં સ્વૈચ્છિક રીતે નિવૃત શિક્ષકો, સ્થાનિક તાલિમી સ્નાતકો તેમજ અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓને જોડાવા માટે પણ અપીલ કરવામાં આવી છે. આ સમયદાન યજ્ઞમાં રાજ્યના શિક્ષકો દ્વારા અંદાજે બે કરોડથી વધુ માનવ કલાક બાળકો અને શિક્ષણના હિતમાં સ્વૈચ્છિક રીતે આપવામાં આવશે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરમાં દબાણો તેમજ પુરતા ફોર્સથી પાણી નહિ મળતુ હોવાની ફરિયાદો વધી રહી છે. ખાસ કરીને નવા સેક્ટરોમાં આ સમસ્યા વધુ છે.

● ગાંધીનગર મનપાએ પાણી પુરવઠાની ૨૪X૭ તેમજ ડ્રેનેજ લાઈન માટેના પ્રોજેક્ટ માટે રૂ. ૧૦૦ કરોડની રકમ છુટી કરી સંબંધિત વિભાગોને ફાળવી આપી છે.

● ગાંધીનગર શહેરમાં રાત્રે ઠંડીનું જોર વધ્યુ છે. સાથે સાથે મોર્નિંગ વોકર્સની સંખ્યામાં પણ વધારો થયો છે.

● જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ઉમેદવારોએ મતદારોને આકર્ષવા માટે તેમના નામ અને પ્રતીક સાથેના બેનરો લગાવી પ્રચાર અભિયાનને જોશીલુ બનાવ્યુ છે.

● મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આજથી બે દિવસના વારાણસી-કાશીના પ્રવાસે જઈ રહ્યા છે. જ્યાં તેઓ ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓની બેઠકમાં હાજરી આપશે.

● ગાંધીનગર શહેરમાં વૃક્ષની કાપણીમાં ગતિ આવતા નગરજનોમાં રોષની લાગણી જન્મી છે.

● ઊંઝાના ધારાસભ્ય આશાબેન પટેલના દુઃખદ અવસાનથી જિલ્લાના પાટીદારોમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

● ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાના કેસોની સંખ્યામાં પણ વધારો થયો છે.

● ૧૩-૧૪ ડિસેમ્બર દરમ્યાન રાજ્યની તમામ યુનિ.ના કુલપતિ, રજીસ્ટ્રાર તેમજ આઈક્યુએસી કો.ઓર્ડિનેટરની બે દિવસીય બેઠક સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે યોજાશે.

● સે. ૨૫, ૨૬, ૨૭ના આંતરિક વિસ્તારોમાં સીટી બસ સેવાનો કોઈ જ લાભ ન મતો હોવાથી વસાહતીઓમાં રોષની લાગણી જન્મી છે.

## દહેગામ તાલુકા માટે ગૌરવની ક્ષણ




ગાંધીનગર, તા. ૧૨

દહેગામ તાલુકાના નાનકડા એવા જાલીયામઠ ગામના વતની અને શિક્ષક પુત્ર અંશ ગોસાઈની તાજેતરમાં યુએઈ ખાતે રમનારી એશિયાકપમાં અન્ડર-૧૯ની ભારતીય ટીમમાં પસંદગી થવા પામી છે. અંશની આ વધુ એક સિદ્ધિએ જાલીયામઠ ગામને જ નહી આખા દહેગામ તાલુકાને રાષ્ટ્રીય સ્તરે રોશન બનાવી દીધો છે. જેના પગલે ગામ, તાલુકામાંથી તથા સગા સંબંધીઓ તરફથી અભિનંદનની વર્ષા થઈ રહી છે. અગાઉ વેસ્ટ ઝોન અન્ડર-૧૪માં મહારાષ્ટ્રની સામે બેવડી સદી ફટકારી હતી તો વિજય મર્ચન્ટ ટ્રોફી વખતે અન્ડર-૧૬માં બરોડાની સામે ૧૩૬ રન ફટકાર્યા હતા. વિનુ માંકડ ટ્રોફી અન્ડર-૧૯માં ૫૮ બોલમાં ૯૩ રન કર્યા હતા. જ્યારે ચેલેન્જર ટ્રોફી અન્ડર-૧૯માં એ- ટીમની સામે ૧૦૮ રન, ડી-ટીમની સામે ૯૮ રન અને આ ઉપરાંત હાલમાં યુએઈ ખાતે એશિયા કપમાં ભારત અન્ડર-૧૯માં તેની પસંદગી થતા આનંદની લાગણી સમગ્ર ગામ, તાલુકામાં પ્રસરી ગઈ છે.

# મધુર ડેરી દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો






ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., મધુર ડેરી દ્વારા તાજેતરમાં દૂધ મંડળીઓના સભાસદોનો સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ સ્નેહમિલન કાર્યક્રમમાં ભારતીય જનતાપાર્ટીના ગાંધીનગર જિલ્લા પ્રમુખ અનિલભાઈ પટેલ અધ્યક્ષ તરીકે ગાંધીનગર જિલ્લા મહામંત્રી રમણભાઈ દેસાઈ મહેમાનપદે ઉપસ્થિત રહ્યા હતા. આ સ્નેહમિલન કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા દૂધ સંઘના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા, સંઘના બોર્ડ ઓફ ડિરેકટર્સ, મેનેજીંગ ડિરેકટર રોહિતકુમાર મહેતા, દૂધ સંઘ સાથે સંકળાયેલા દૂધ મંડળીઓના ચેરમેન, મંત્રી તથા કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં વર્ષ ૨૦૨૦-૨૧માં ગાંધીનગર જિલ્લા દૂધ સંઘમાં ઈસનપુર મોટા દૂધ મંડળી, છાલા દૂધ મંડળી તથા મહિલા દૂધ મંડળી જેવી કે, ડભોડા દૂધ મંડળી તથા સોનારડા દૂધ મંડળી, માણસા દૂધ કેન્દ્રમાં એકત્ર થતા દૂધમાં હરિકૃપા (ઈટાદરા) તથા કલોલ તાલુકાના ખોરજ ડાભી દૂધ મંડળી દ્વારા સૌથી વધારે દૂધ ભરાવ્યુ છે. આ બધી જ દૂધ મંડળીઓના સંચાલકોને સન્માનપત્ર આપી સન્માનવામાં આવ્યા હતા. તદઉપરાંત સરકારે જાહેર કરેલ ખેડૂત આઈપોર્ટલ દ્વારા 'દૂધઘર' બાંધકામ યોજનામાં પ્રાંતીયા દૂધ મંડળીને રૂ. ૩,૭૫,૦૦૦નો ચેક અર્પણ કરાયો હતો. તાજેતરમાં ડૉ.વર્ગીસ કુરિયનની ૧૦૦મી જન્મજયંતિ નિમિત્તે જીસીએમએમએફ દ્વારા જિલ્લા દૂધ સંઘો સાથે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કર્યુ હતું તે ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં ગાંધીનગર જિલ્લા દૂધ સંઘ (મધુર ડેરી) વિજેતા બની હતી. અને તે ટીમના સભ્યોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ મહાનુભાવો દ્વારા ગાંધીનગર જિલ્લા દૂધની પ્રગતિ કેવી રીતે હજુ આગળ વધતી રહે તે વીશે તેમના વકતવ્ય દ્વારા જણાવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના જનરલ મેનેજર હંસાબેન પટેલે કર્યુ હતું.

## મેદરા ગામેથી જુગાર રમતા ૪ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૧૨

મેદરા ગામની ભાગોળ નજીક ખુલ્લી જગ્યામાં એકઠા થઈ કુંડાળુ વળીને જુગાર રમતા ચાર જુગારીઓને ડભોડા પોલીસ ઝડપી પાડ્યા છે, પોલીસને દાવ પરથી રોકડા રૂ.૧૭૦૦ તેમજ અંગજડતી દરમિયાન ૮૮૩૦ મળી કુલ રૂ.૧૦,૫૩૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મિળથી વિગત મુજબ ડભોડા પોલીસ મથકના જવાનો વલાદ આઉટપોસ્ટ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા. તે સમયે મેદરા ગામ આવતા પોલીસ કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ રજબસિંહ ને સંયુકત રાહે બાતમી મળી હતી કે મેદરા ગામ ભાગોળ પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેને પગલે પોલીસે તાત્કાલીક બાતમીવાળી જગ્યા પર જઈને રેડ પાડી જુગાર રમી રહેલા વિજય સોમાજી ઠાકોર (રહે. મહાકાલી વાસ વેરાઈ માતા ચોક રામોલ), કિશનજી મોહતજી ઠાકોર (રહે. વેરાઈ માતા ચોક રામોલ) અને મેહુલજી રોહિતજી ઠાકોર (મહાકાલી વાસ વેરાઈ માતા ચોક રામોલ) તેમજ વેરાઈ માતાજી ચોક રામોલના દિનેશ સોમાજી ઠાકોરને જુગાર રમતા પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## બે દિવસ બાદ શિયાળો ફરી વાર પોતાનો મિજાજ દેખાડશે

ગુજરાતમાં દિવસેને દિવસે ઠંડીનું જોર વધી રહ્યું છે. આગામી બે દિવસ બાદ અમદાવાદમાં કાતિલ શિયાળો ફરીથી પોતાનો મિજાજ દેખાડશે, અને તાપમાન ૧૩ ડિગ્રી સુધી જવાની સંભાવના દર્શાવવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા પણ મોટી આગાહી કરવામાં આવી છે અને બે દિવસ બાદ શિયાળાનું પ્રભુત્વ વધવનાની સંભાવના દર્શાવી છે. નલિયા ૭.૪ ડિગ્રી સાથે સૌથી ઠંડુંગાર સાબિત થયું છે, જ્યારે આગામી સપ્તાહથી રાજ્યભરમાં ઠંડી વધશે. બનાસકાંઠાના ડીસાનું તાપમાન ૧૨ ડિગ્રી નોંધાયું છે. ત્યારબાદ કચ્છના ભૂજનું તાપમાન ૧૩ ડિગ્રી, ગાંધીનગર અને વલસાડનું તાપમાન ૧૪ ડિગ્રી, અમદાવાદ અને અમરેલીનું તાપમાન ૧૬ ડિગ્રી, ભાવનગર અને કેશોદનું તાપમાન ૧૭ ડિગ્રી અને વડોદરા શહેરનું તાપમાન પણ ૧૭ ડિગ્રી નોંધાયું છે. હવામાન વિભાગના મતે અમદાવાદમાં આગામી એક સપ્તાહ દરમિયાન તબક્કાવાર ઠંડી વધશે અને તાપમાન ૧૩ ડિગ્રી સુધી જઈ શકે છે.

## કુડાસણ સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨ ખાતેથી બુલેટની ચોરી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં આવેલા સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨ ના એ બ્લોકના પાર્કિંગમાંથી રાજસ્થાન પાર્સિંગના બાઈકની ચોરી થવા પામી છે. ઈન્ફોસીટી પોલીસ મથકે રૂ.૨૫ હજારની બુલેટ ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રોદ્વારા મળતી વિગત મુજબ કુડાસણ સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨ બ્લોક નં-એ-૧૦૧ ખાતે રહેતા ૪૨ વર્ષિય પંકજ કાલુરામ સોની પોતાના પરિવાર સાથે રહે છે અને ગીફટસીટી બરોડા ગ્લોબલ શેવર્ડ સર્વીસીસ કંપની ખાતે યુનિટ હેડ તરીકે ફરજ બજાવે છે. નોકરી પર આવન જાવન માટે પંકજ સોની એનફિલ્ડ બુલેટ નં. આર.જે.૨૭.એ.એસ.-૫૬૯૭નો ઉપયોગ કરતા હતા. પરંતુ ગત તા.૨૧-૧૦-૨૧ ના રોજ તેઓને ટાઈફોઈડ થઈ જતા તેઓએ બુલેટ ફલેટ નીચે પાર્ક કર્યુ હતું.ટાઈફોઈડ બાદ અશકિત લાગતા પંકજ સોની ગાડી લઈને ગીફટસીટી નોકરી પર જતા હતા. ગતા તા.૫ ડિસેમ્બરના દિવસે તેઓએ બુલેટ જે તે જગ્યાએ પાર્ક કરેલી હાલતમાં જોયું હતું. પરંતુ ગતરોજ કામઅર્થે બહાર નીકળ્યા તે સમયે પાર્કિંગમાં બુલેટ દેખાયું ન હતું. જેથી આસપાસના વિસ્તારમાં તપાસ કરતા બુલેટ મળી આવ્યું ન હતું. રૂ.૨૫ હજારના બુલેટ ચોરી અંગે પંકજ સોની એ ફરીયાદ નોંધાવતા પોલીસો આગળની તપાસ હાથ ધરી છે.

# લાયન્સ કલબ ઓફ ફેમિના દ્વારા ડાયાબિટિસ નિદાન સુવિધાનો પ્રાંરભ

ગાંધીનગર, તા.૧૨

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા ગાંધીનગર શહેરની જનતા માટે ઉપયોગી થાય તેવા કાર્યક્રમો આયોજીત કરવામાં સદા અગ્રેસર રહ્યું છે. લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા પરમેનન્ટ પ્રોજેકટ અંતર્ગત નિઃશુલ્ક ડાયાબીટીસ નિદાનની સુવિધા શરુ કરવામાં આવી છે. ગાંધીનગર ખાતે ડૉ. જૈનિશા પટેલ, યશદીપ હોસ્પિટલ, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સે-૨૧ ખાતે દર મંગળવાર અને શુક્રવારના રોજ સવારના ૧૦ થી ૧ કલાક દરમિયાન તેમજ ડૉ. વિજય જોગી, શ્રીજી કિલનીક, ૧૮ રાધે ક્રિસ્ટલ શોપીંગ સેન્ટર, શ્રીફલ હાઈટસની સામે કુડાસણ ખાતે સોમવારથી શુક્રવાર સમય સવારના ૧૦થી ૧ વાગ્યે અને સાંજે ૪થી ૬ વાગ્યે આ બંને હોસ્પિટલોમાં શહેરીજનોને આ વ્યવસ્થાનો લાભ લેવા નમ્ર વિનંતી છે. વધુમાં ગાંધીનગર શહેરની જનતાને આ ડાયાબીટીસ સેન્ટરનો લાભ લેવા લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના પ્રમુખ વૈશાલીબેન જોષીનો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.



રાંધેજા ગામ ઉગમણી ભાગોળે વેડાઈ માતાજીના મંદિરની બાજુમાં આવેલા અવાવરુ કુવામાં નાનકડુ ગલુડીયું પડી ગયું હતું. બનાવની જાણ થતા ફાયર ટીમના સભ્યો દોડી ગયા હતા. ફાયર ટીમના જવાનોએ કુવામાં નીચે ઉતરીને ગલુડીયાને હેમખેમ બહાર નીકાળ્યું હતું. ત્યારે સ્થાનિક ગ્રામજનોએ ફાયરટીમનો આભાર વ્યકત કર્યો હતો.

# વાવોલની પરિણિતાએ પતિ, સાસુ અને મામીજી સામે શારીરીક માનસિક ત્રાસની ફરીયાદ

ગાંધીનગર, તા.૧૨

વાવોલ ખાતે રહેતી પરિણિતાને દહેજની માંગણી કરીને શારીરીક માનસિક ત્રાસ આપતા કંટાળીને પરિણિતાએ ફીનાઈલ પી જતા ગાંધીનગર સારવાર માટે ખસેડાઈ છે. ત્યારે પરિણિતાએ પતિ, સાસુ અને મામીજી સામે શારીરીક માનસિક ત્રાસની ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પરિણિતાના લગ્ન આઠ માસ અગાઉ વાવોલ હરીનગર સોસાયટી મકાન નં.બી-૧૧ ખાતે રહેતા જીગરકુમાર દિનકરરાય મહેતા સાથે થયા છે. પરિણિતા પતિ અને સાસુ સાથે રહે છે અને ઘરકામ કરે છે. જયારે પાર્ટટાઈમ ગોએન્કા હોસ્પિટલ પીંપળજ ખાતે પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. પરિણિતા ઘરે માતાજીની પુજા કરી રહી હતી તે સમયે તેણીના પતિએ ફોન માંગતા તેણીએ ફોનની મારે જરુર છે તેમ કહેતા ઘરમાં રહેલા સાસુ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને શુ વ્રત કરે છે. તારા પિતાજીએ દહેજમાં કંઈ આપ્યુ નથી તેમ કહીને પરિણિતાને ગડદાપાટુનો મારવા લાગ્યા હતા. તે સમયે હાજર પરિણિતાના પતિ જીગરે પણ ગડદાપાટુનો માર મારતા કંટાળી ગયેલી પરિણિતાએ બીજા રૂમમાં જઈ ફીનાઈલના બે ત્રણ ઘુંટડા પી ગઈ હતી. જેથી તેણીને ઉલ્ટી થતા તેના પતિ ખાનગી વાહનમાં બેસાડી સિવિલ સારવાર માટે લઈ ગયા હતા. જયાં પરિણિતાને અંદરના દર્દી તરીકે એડમીટ કરેલ છે. પરિણિતાના પિતાજી પાસે અવાર-નવાર પૈસાની માંગની તેમજ દાગીના માંગતા હોવા છતા તેણીના પિતાજી નહી આપતા તેણીના સેકટર-૧૩ ખાતે રહેતા મામીજી તેઓની અવારનવાર ચઢામણીથી પરિણિતાને સાસરી પક્ષ દ્વારા ત્રાસ આપવામાં આવે છે. ત્યારે પરિણિતા એ વાવોલ ખાતે રહેતા પતિ, સાસુ અને મામીજી સામે શારીરીક માનસિક ત્રાસની ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# આંગણવાડી-તેડાગર બહેનોના ગણવેશ સાડીઓમાં કૌંભાડ થતા ફરીયાદ

### રામેશ્વર ટેક્સ ટાઈલ મિલના ડાયરેક્ટર્સ દ્વારા સાડીઓના ડીલીવરી ચલણ સાથે પ્રોગામ ઓફિસરના ખોટા પ્રમાણપત્ર રજુ કરી કૌંભાડ આચર્યું

ગાંધીનગર, તા.૧૨

રાજયની આંગણવાડી અને તેડાગર બહેનોને ગણવેશ માટે આપવામાં આવતી સાડીઓમાં મસમોટું કૌંભાડ આચરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. સુરતની રામેશ્વર ટેકસ ટાઈલ મિલના ડાયરેકટર્સ દ્વારા સાડીઓના ડીલીવરી ચલણ સાથે પ્રોગામ ઓફિસરના ખોટા પ્રમાણપત્ર રજુ કરી કૌંભાડ આચર્યું હોવાનું સામે આવ્યું છે. કૌંભાડ સામે આવતા રાજય મહિલા બાળ વિકાસ કમિશનર કચેરીના યોજના અધિકારી દ્વારા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ જુના સચિવાલય બ્લોક નં-૨૦ ખાતે આવેલ મહિલા અને બાળ વિકાસ કમિશનર કચેરી દ્વારા રાજયમાં ચાલી રહેલી ૫૩૦૩૯ આંગણવાડી-તેડાગર બહેનોને ગણવેશ માટે સાડીની ખરીદી ટેન્ડર દ્વારા કરવામાં આવ છે. આ ગણવેશનું ટેન્ડર રામેશ્વર ટેકસ ટાઈલ મિલને આપવામાં આવ્યું હતું. ટેન્ડરની શરતોને આધિન વર્ષ-૨૦૧૬-૧૭, ૨૦૧૭-૨૦૧૮, ૨૦૧૮-૨૦૧૯ માટે ઝોન દીઠ ૧૨ વર્ક ઓર્ડર આપવામાં આવ્યા હતા. મિલના ડાયરેકટરરાજેસ રામેશ્વરદાસ બંસલ, વિનિતા પ્રમોદ દેવકર તેમજ ટેકસ ટાઈલ મિલના ઓર્થોરીટી તરીકે સહી કરનાર કિર્તીદા બંસલ (તમામ રહે. પ્લોટ નં.૪૩૫ જીઆઈડીસી સચિન સુરત તેમજ ૭૧-૭૩ જુના હનુમાન લેન્ડ મુંબઈ કામ કરે છે) જે અંગે વિનિતા દેવકર મહિલા બાળ વિકાસ કમિશનર કચેરી સાથે જરુરી દસ્તાવેજ પુરાવા અંગે પત્ર ઈમેલથી કોમ્યુનિકેશન કરતા હતા. ત્યારે વર્ષ ૨૦૧૮-૧૯ માં આંગણવાડી બહેનોને સાડી આપવાની કામગીરીનો પ્રારંભ થઈ ગયો હતો.

રાજયના વિવિધ જિલ્લામાં આંગણવાડી-તેડાગર બહેનો માટે સાડી રામેશ્વર ટેકસટાઈલ મિલ દ્વારા સાડીઓ પહોંચાડવામાં આવી હતી. આ ગણવેશ સાડીના બિલ પણ કચેરીએ ડાયરેકટરો દ્વારા મોકલી અપાયા હતા. જો કે મહિલા બાળ વિકાસ કમિશનરની લોજીસ્ટીક વિભાગ દ્વારા મિલની ડીલીવરી ચલણ અને બિલોની ચકાસણી કરાઈ હતી. ત્યારે ચકાસણી દરમિયાન સાબરકાંઠા, અરવલ્લી, છોટા ઉદેપુર જિલ્લામાં કાર્યરત બહેનોને સાડી મોકલી અપાઈ ન હતી. પરંતુ સાડીઓના બિલ મુકવામાં આવેલા ડીલીવરી ચલણ સાથે જે તે પ્રોગામ ઓફિસરના (એનેકક્ષર-૩) પ્રમામપત્ર ખોટી સહીથી કરાયા હોવાનું બહાર આવ્યું હતું.

જે અંગે ખુલાસો કરવા ડાયરેકટરોને સુચનાઓ આપવામાં આવી હતી. પરંતુ તેમના તરફથી કોઈ સંતોષજનક જવાબ આપવામાં આવ્યો ન હતો. પોતાના આર્થિક ફાયદા માટે ખોટા ડીલીવરી ચલણ રજુ કરી કચેરીમાંથી રૂપીયા ઉલેચવાનું કૌંભાડ સામે આવતા બાળ વિકાસ અધિકારી કિંજલ કૈલાસભાઈ દવે દ્વારા સેકટર-૭ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ આદરી છે.

## પાલજમાંથી ૬ ઘેટાની ઉઠાંતરી

ગાંધીનગર નજીક આવેલા પાલજ ગામમાં ઘર પાસે વાડામાં સલામત રાખવામાં આવેલા ૬ ઘેટાની ચોરી થઈ છે. ઘર પાસેના વાડામાંથી મોડી રાત્રે અજાણ્યા શખ્સોએ જાળી કાપીને ઘેટાની ચોરી કરી નાસી ગયા હતા. બનાવ અંગે પોલીસને જાણ કરતા આગળની તપાસ હાથ ધરી છે. નવા પાલજ ગામમાં બાબુભાઈ પબાભાઈ ભરવાડ ઘેટા-બકરા રાખી પરિવારનું ગુજરાન ચલાવે છે. રાત્રીના સમયે વાડમાંથી પશુધન ચોરાઈ ના જાય તે માટે ખાસ જાળી લગાવાઈ છે. પરિવારના સભ્યો સુઈ રહ્યા હતા. તે સમયે રાત્રીના એક વાગ્યાના અરસામાં ઘેટાનો જોરજોરથી અવાજ આવ્યો હતો. જેથી પશુ માલિક બાબુભાઈની આંખ ઉઘડી જતા ઘેટા શા માટે અવાજ કરી રહ્યા છે. તે દિશામાં જોતા દુર એક ગાડી ઉભી રાખી હતી. તે તરફ જતા કાર ભગાવી મુકી હતી. જયારે ઘરે આવીને ઘેટાની ગણતરી કરતા ઓછો હોવાનું જાણવા મળ્યુંહતુ. જેમાં ૪૦ હજારની કિંમતના ૪ ઘેટી અને ૫૦ હજારના બે ઘેટા મળી કુલ ૯૦ હજારનો મુદ્દામાલ કબ્જે કરી તપાસ હાથ ધરી છે.

# પેથાપુર કૈલાસધામ સામે માર્ગ પર ડમ્પરની ટક્કરે બાઈકચાલક વડીલનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર પેથાપુર-મહુડી માર્ગ પર કૈલાસધામ સામે માર્ગ પર ગતરોજ રાત્રીના સમયે ડમ્પર ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારીને બાઈકને ટક્કર મારતા બાઈક સવાર વડીલનું ગંભીર ઈજાને પગલે મૃત્યુ થયું છે. પેથાપુર પોલીસે ફરાર ટ્રક ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર ખાતે રહેતા અનિરુધ્ધસિંહ ડાભી ઈન્ફોસીટી ખાતે નોકરી કરે છે અને પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે અનિરુધ્ધસિંહના પિતા કનુસિંહ ડાભી ખેતીકામ કરે છે. ગતરોજ રાત્રે અનિરુધ્ધસિંહ નોકરીના કામ માટે અમદાવાદ ગયા હતા. તે સમયે રાત્રે તેમના માતાએ ફોન કરીને જાણ કરી હતી કે તારા પિતા કનુસિંહને પેથાપુર કૈલાસધામ સામેના માર્ગ પર અકસ્માત થતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈને આવ્યા હોવાથી અનિરુધ્ધસિંહ પણ તાત્કાલીક પહોંચી ગયા હતા.જયાં સારવાર દરમિયાન કનુસિંહનું ગંભીર ઈજાને પગલે મૃત્યું થયુ હતું. અનિરુધ્ધસિંહે અકસ્માત અંગે તપાસ કરતા જાણ થઈ હતી કે કનુસિંહ ગતરોજ પોણા સાત વાગ્યાના અરસામાં બાઈક લઈને કૈલાસધામ સામેના માર્ગ પર થી પસાર થઈ રહ્યા હતા. તે સમયે ડમ્પર ટ્રક નં. જી.જે.૨૭.જી.બી.૪૮૨૪ ના ચાલકે પોતાનું ડમ્પર માંતેલા સાંઢની જેમ હંકારી બાઈકને ટક્કર મારી હતી. જેને પગલે બાઈક પરથી નીચે પટકાતા કનુસિંહને શરીરે ગંભીર ઈજા પહોંચી હતી.પેથાપુરના જીવણજી ઠાકોર તેમને ગાંધીનગર સિવિલ ખાતે સારવાર માટે લઈ ગયા હતા. જયારે અકસ્માત બાદ ડમ્પર ચાલક તે મુકીને ફરાર થઈ ગયો છે. અકસ્માત અંગે મૃતકના દિકરાની ફરીયાદ નોંધી પોલીસે ફરાર ટ્રક ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.